ક્રિમી.કેસ નં. ૨૨૧૧૩૦૨/૦૬

આંક–૦૧ નું સાંધણ...

**–:: આંક–૦૧ લગત હુકમ:–**

આજ રોજ અત્રેની કોર્ટને નામદાર ગુજરાત હાઈકોર્ટના આદેશ અન્વયે તથા નામ.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીના નોટીફીકેશન નં. ૦૪/૨૦૨૨ તા.૦૮/૦૮/૨૨ મુજબ સ્પેશિયલ સીટીંગ એલોટ થયેલ છે ત્યારે, આ કેસ પેપર્સ વંચાણે લીધા જેમાં ઘણાં વખતથી ફરીયદી સતત ગેરહાજર રહેલા છે તેમજ ફરીયાદી તરફે આ પ્રાઈવેટ કેસ દાખલ કર્યા હોવા છતાં પોતાના કેસમાં પુરાવા રજુ કરવા માટેની કોઈ દરકાર કે રસ દાખવેલ નથી. વધુમાં, હાલના કેસનો તબકકો ફરીયાદીના પુરાવા રજુ થવા પર છે અને ત્યારબાદ જ હાલની ટ્રાયલ આગળ વધી શકે તેમ છે. આમ ફરીયાદીની ગેરહાજરી સબબ આ કેસની કાર્યવાહી ઘણાં વર્ષોથી આગળ ચાલી શકતી નથી અને હાલની મેટર ડેડ વુડ તરીકે ફરીયાદીની અનિવાર્ય હાજરી આ તબકકે હોવા છતાં ગેરહાજરીના કારણે આ કેસની ન્યાયીક કાર્યવાહી આગળ ચાલી રહેલ નથી, ત્યારે ફરીયાદી તરફે ફરીયાદી જાતે, પોતે કે પોતાના કોઈ સાક્ષી સાથે આ કેસની અનેક મુદતો આપવામાં આવેલ હોવા છતાં પોતાના પુરાવા રજુ કરવા કોર્ટ સમક્ષ હાજર થયેલ નથી, ત્યારે આ તબકકે અત્રેની કોર્ટ સી.આર.પી.સી. કલમ–૨૫૬ ને નજર સમક્ષ રાખવાનું ઉચિત ગણે છે અને સી.આર.પી.સી. કલમ–૨૫૬ મુજબ જોતાં સમન્સ કેસમાં જે દિવસે સુનાવણી મુકરર કરવામાં આવેલી હોય તે દિવસે ફરીયાદી હાજર ન હોય તો ફરીયાદીની ગેરહાજરી સબબ મેજીસ્ટ્રેટએ આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવો જોઈશે.

આમ,આ કલમમાં લેજીસ્લેચર ધ્વારા મેજીસ્ટ્રેટ ઉપર ડયુટી કાસ્ટ કરવામાં આવેલી છે અને આ કલમમાં " Shall " શબ્દ પ્રયોજવામાં આવેલો છે. ત્યારે આ કેસના ઉપરોકત વર્ણવેલા સંજોગો જોતાં આ કેસની કાર્યવાહીમાં ઘણાં વખતથી ફરીયાદી તેમજ આરોપી ગેરહાજર છે ત્યારે અત્રેની કોર્ટ નામ.ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિ. દિનેશભાઈ મેહતા ૧૯૯૪(૩) ક્રાઈમ્સ પેજ નં.૫૨૬ માં કરવામાં આવેલા અવલોકનને નજર સમક્ષ રાખેલ છે અને આ કામે ફરીયાદીની ગેરહાજરી આ કાર્યવાહીમાં મુખ્યરૂપે વિલંબનું કારણ છે ત્યારે આ કામે ફરીયાદીને અનેક તકો આપેલ હોવા છતાં ઘણા વર્ષોથી આ કેસમાં ફરીયાદી તરફે કોઈ આગળની કાર્યવાહી કરવામાં આવેલી નથી અને તેથી સામાન્ય ક્રમમાં એવું માની શકાય એમ છે કે ફરીયાદીને હાલની આ કેસની ન્યાયીક કાર્યવાહી ચલાવવામાં કોઈ જ રસ રહેલો નથી, તેવું ફલિત થાય છે. અને જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: <u>હુકમ</u> ::–**

આથી હાલની ફરીયાદ પરથી થયેલો ક્રિમીનલ કેસ, ફરીયાદીની સતત ગેરહાજરી સબબ અને પુરાવો ફરીયાદી તરફે રજુ નહીં કરવાના કસૂરના કારણે હાલની ફરીયાદ ક્રિમી.પ્રો.કોડની કલમ–૨૫૬ મુજબ કાઢી નાંખવાનો હુકમ કરવામાં આવે છે અને આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૩ મી માહે–ઓગષ્ટ, સને–૨૦૨૨ ના રોજ સ્પેશિયલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૧૩/૦૮/૨૦૨૨.

(પારસકુમાર વિનોદરાય ભટ્ટ)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૨૨, અમદાવાદ.
**UID - GJ00948**